નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની
આદર્શ નિવાસી શાળાના મદદનીશ શિક્ષકોની
ભરતી કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SJED/EOD/e-file/17/2022/0081/A Section,
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૪/૦૩/૨૦૨૩.

**સંદર્ભઃ-**

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:આરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૧૦)/આર
(૨) શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૧૦૪/એસએમએસ/૧૦૧૧/૨૫૮/જી.૧
(૩) શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૧૦૫/એસએમએસ/૧૦૧૧/૨૫૮/જી.૧
(૪) આ વિભાગનો તા.૦૭/૧૦/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૧૨૦૧૫/૧૯૫૮૫૧/અ

**આમુખ:**

સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૧)ના તા.૩/૨/૨૦૧૪ ના ઠરાવથી નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની વર્ગ-૧ થી વર્ગ-૩ ની વિવિધ જગ્યાઓના સંખ્યાબળ નક્કી કરી સીધી ભરતીથી ભરવાપાત્ર થતી જગ્યાઓ સીધી ભરતીથી ભરાય તે માટે દસ વર્ષીય ભરતી કેલેન્ડર તૈયાર કરવામાં આવેલ છે.

આ અંગેના સંદર્ભ (૨) અને (૩) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૨૦૧૯ના જાહેરનામાથી શિક્ષણ વિભાગ હેઠળની શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરવા માટે ગુજરાત રાજ્ય માધ્યમિક શાળા શૈક્ષણીક કર્મચારીવર્ગ ભરતી પસંદગી સમિતિ અને ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શાળા શૈક્ષણીક કર્મચારીવર્ગ ભરતી પસંદગી સમિતિની રચના કરવામાં આવેલ છે. સદરહુ જાહેરનામાના નિયમ ૫(જ) મુજબ સરકારશ્રી દ્વારા વખતોવખત સોંપવામાં આવે તેવા બીજા કાર્યો સમિતિની સોંપી શકાય છે.

આ વિભાગના સંદર્ભ (૪)ના તા.૦૭/૧૦/૨૦૨૧ના ઠરાવથી નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષકોની કુલ-૩૩૯ જગ્યાઓની સીધી ભરતીની કાર્યવાહી શિક્ષણ વિભાગ મારફતે

"ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ" ને સોંપવાનું ઠરાવવામાં આવેલ છે. આ વિભાગના સંદર્ભ (૪)ના તા.૦૭/૧૦/૨૦૨૧ના ઠરાવ અન્વયેની ૩૩૯-જગ્યાઓ ઉપરાંતની નિયામક, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના મદદનીશ શિક્ષક સંવર્ગની કુલ-૧૫૯ જગ્યાઓની સીધી ભરતીની કાર્યવાહી શિક્ષણ વિભાગ મારફતે "ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ માટેની ભરતી પસંદગી સમિતિ"ને સોંપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

૧. પુખ્ત વિચારણાના અંતે, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષકોની નીચે મુજબની કુલ-૧૫૯ જગ્યાઓની સીધી ભરતીની કાર્યવાહી શિક્ષણ વિભાગ મારફતે "ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ" ને સોંપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ખાતાનું નામ | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | માધ્યમિક વિભાગ | કુલ |
|---|---|---|---|
| વિકસતી જાતિ કલ્યાણ ખાતું | ૬૬ | ૯૩ | ૧૫૯ |

૨. આ વિભાગના સંદર્ભ-(૪)ના તા.૦૭/૧૦/૨૦૨૧ના ઠરાવ અન્વયેની મદદનીશ શિક્ષકોની ૩૩૯-જગ્યાઓ તથા આ ઠરાવ અન્વયેની ૧૫૯-જગ્યાઓ મળી નીચે મુજબની કુલ-૪૯૮ જગ્યાઓની સીધી ભરતીની કાર્યવાહી "ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ" એ કરવાની રહેશે.

| ખાતાનું નામ | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| વિકસતી જાતિ કલ્યાણ ખાતું | ૨૩૧ | ૧૩૭ |
| અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું | ૮૭ | ૪૩ |

૩. આ વિભાગના સંદર્ભ-(૪)ના તા.૦૭/૧૦/૨૦૨૧ના ઠરાવથી આપવામાં આવેલ અન્ય તમામ સૂચના/જોગવાઈઓ યથાવત રહેશે.

પ્રસ્તુત ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવ ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, જ-શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- સિલેક્ટ ફાઈલ